૬૦૨ / ૩,૬૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
# સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૫]  (રવિવાર, ૧૮ જુલાઈ, ૨૦૦૪)  [કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧  કિશોર સત્સંગ પ્રવીણ)**

**પ્ર.૧ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''તમારા ગુરુજીને કોઈ વખત આમ થાય છે ?''
૨. ''તમે પરમહંસ થઈ ગયા, માટે અમારી આજ્ઞાથી ગૃહસ્થાશ્રમ કરો.''
૩. ''રીંગણાં લોયાનાં સારાં કે ગઢડાનાં ?''

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ લખો. (નવ લીટીમાં)** ૬

૧. ઉકા ખાચર મોડા આવ્યા છતાં મહારાજ રાજી થયા.
૨. શ્રીજીમહારાજ અને સંઘ જમ્યા વગર મછિયાવથી નીકળી ગયા.
૩. બંધિયાના વાણિયાઓએ મહારાજની માફી માંગી.

**પ્ર.૩ નીચેના વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. આજ્ઞા **અથવા** માનસીપૂજા
૨. રામબાઈ **અથવા** રાજાભાઈ

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** ૬

૧. 'સત્સંગિજીવન' ગ્રંથની રચના કોણે કરી ?
૨. મહારાજના વિરહથી કૃપાનંદ સ્વામીને શું થતું ?
૩. જેઠા મેર અને તેમનાં ધર્મપત્ની ક્યારથી બ્રહ્મચર્યવ્રત પાળતાં ?
૪. આઠ પ્રકારનાં બ્રહ્મચર્યમાંથી ચાર લખો.
૫. અદ્‌ભુતાનંદ સ્વામીની વાતોથી સાધુ થયેલા તેમના બે ભાઈઓનાં શું નામ રાખ્યાં ?
૬. કા. ૬માં સોમલા ખાચરની મહારાજે શું પ્રશંસા કરી ?





**પ્ર.૫** રાજાને પાણી ન પાયું...... **'સ્વામીની વાત' પૂરી કરો અને તેનું નિરૂપણ લખો.** ૫

**અથવા**

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૫૪ **નિરૂપણ લખો.**

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** ૫

**ટૂંકનોંધઃ- ભક્તરાજ મગનભાઈ**

**૧.** મગનભાઈનો જન્મ ચારુતર પ્રદેશના વસો ગામે થયો. **૨.** મગનભાઈએ મૂળ ગાનાના વતની હરમાનભાઈને સત્સંગ કરાવ્યો. **૩.** ઈ.સ. ૧૯૩૪માં તેઓએ પૂર્વ આફ્રિકા મંડળની સ્થાપના કીજાબેમાં કરી. **૪.** નિર્ગુણસ્વામીએ ફરી આશીર્વાદ આપ્યા, 'પ્રયત્ન કરો, સત્સંગ થશે.'' **૫.** શાસ્ત્રીજી મહારાજને કે સહજાનંદ સ્વામીને યાદ કરતાં તેઓ ઘણીવાર હૈયાફાટ રુદન કરતાં. **૬.** મગનભાઈના પ્રયત્નથી યુગાન્ડાના પ્રવેશદ્વાર જીન્જામાં સત્સંગ થયો. **૭.** શાસ્ત્રીજી મહારાજ કહેતા કે મગનભાઈનો સમાગમ કરવો. **૮.** મગનભાઈએ આ સત્સંગનો રંગ ઠેઠ લંડન, અમેરિકા સુધી પહોંચાડી દીધો. **૯.** તેઓને આખી રાત કથાવાર્તા કરવાનો ઈશક હતો. **૧૦.** સવારના ૩ વાગ્યે બ્રાહ્મમુહૂર્તે ગોંડલમાં અચાનક હૃદય બંધ પડવાથી તેઓ અક્ષરનિવાસી થયા.

**પ્ર.૭ નીચેની કોઈપણ બે પંક્તિ પૂર્ણ કરો.** ૪

૧. કાલ માયા ......... અહં નમામિ.
૨. કલ્પતરુ સર્વના ......... તત્કાળ ત્યારે.
૩. વહાલા તારી આંગળીઓની ......... હમણાં મળો રે લોલ.

**પ્ર.૮ નીચેનામાંથી કોઈપણ બે ની પૂર્તિ કરો.** ૪

૧. જનમંગલ નામાવલિમાંથી ખૂટતાં નામ પૂર્ણ કરો.
प्रगल्भाय नमः ... ... ... दीर्घदर्शिने नमः
૨. श्वासेन साक ... ... ... शरणं प्रपद्ये ॥
૩. ब्रह्मभूतः ... ... ... पराम् ॥

(વિભાગ - ૨ ગુણાતીતાનંદ સ્વામી)

**પ્ર.૯ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''મારી પોતાની પણ દૃષ્ટિ તે તરફ ગઈ છે.''

૨. ''મોટા તો એક ખુદાતાલા છે.''

૩. ''મહારાજે રાજી થઈને હાર આપ્યો છે, તો રાખો.''

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ લખો. (નવ લીટીમાં)** ૬

૧. સ્વામીએ પ્રસાદીનો લાડુ એક સાધુને આપી દીધો.

૨. હામાપરના કરસન બાંભણિયાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

૩. ભરવાડોએ રાજી થઈ સ્વામીને ગુરુ કર્યા.

**પ્ર.૧૧ નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. સૂક્ષ્મ તપ

૨. અમારું અક્ષરધામ બક્ષિસ

૩. માન-અપમાન મેં એકતા

**પ્ર.૧૨ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** ૫

૧. ગુણાતીતાનંદ સ્વામીએ છેલ્લી પધરામણી કોને ઘેર કરી ? ક્યાં ?

૨. શુકમુનિ ગુણાતીતાનંદ સ્વામી માટે આસન શોધતા હતા ત્યારે મહારાજે શું કહ્યું ?

૩. શાંતાનંદને એકવાર ભેટતાં શ્રીજીમહારાજને શા માટે કઠણ પડ્યું ?

૪. જૂનાગઢ મંદિર કરવા માટે જમીન કોણે આપી ?

૫. આત્માનંદ સ્વામી અને કૃપાનંદ સ્વામી વચ્ચે બેઠેલા સ્વામીને જોઈને મહારાજે શું કહ્યું ?

**પ્ર.૧૩ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. 'મારું કહ્યું, એક જોગી ફેરવી શકે !'

૨. ચીંથરે વીંટેલ રતન

૩. રંકમાંથી રાય





**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** ૬

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. બાળમૂળજીએ મહારાજ સંબંધી કયા ઉદ્‌ગારો ઉચ્ચાર્યા છે ?

(અ) આજે તો મારા પ્રભુ છપૈયાથી અયોધ્યા પધારશે.

(બ) આજે તો મારા પ્રભુ પુરુષોત્તમ નારાયણને અયોધ્યામાં જનોઈ દેવાય છે.

(ક) વનમાં વહાલો વિચરે તે આવશે આપણે ગામ.

(ડ) આજે તો મારા પ્રભુ ગાદીએ બિરાજશે.

૨. સ્વામીએ કયા કયા સદ્‌ગુરુના મંડળમાં વિચરણ કર્યું છે ?

(અ) આત્માનંદ સ્વામી (બ) મુક્તાનંદ સ્વામી

(ક) બ્રહ્માનંદ સ્વામી (ડ) કૃપાનંદ સ્વામી

૩. સ્વામીએ કોનો કોનો વ્યવહાર સુધાર્યો ?

(અ) માવજી મિસ્ત્રી (બ) બાઉદ્દીન

(ક) જસા ભગત (ડ) હંસરાજ પટેલ

(વિભાગ - ૩ 'સત્સંગ પરિચય' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)

**પ્ર.૧૫ નીચેના વિષયો ઉપર વીસ લીટીમાં વિવરણ લખો.** ૨૧

૧. અક્ષરજ્ઞાનનો ઉદ્‌ઘોષ

**અથવા**

એકાંતનું સુખ

૨. ગોરધનભાઈ

**અથવા**

ગલુજી

૩. રઘુનાથદાસને વિમુખ કર્યો.

**અથવા**

સહજાનંદી થવું

✿ ✿ ✿